હવે, વિવાદ નહિ - સંવાદ સાધીએ

તંત્રીસ્થાનેથી...

છેલ્લા કેટલાકદિવસોથી સંવેદનશીલ નાગરિકનું દિલ દુભાય એવી ચર્ચા ચાલી રહી છે. પ્રસિદ્ધ રામાયણી સંત મોરારિ બાપુએ એમના મજાકીયા મૂડમાં કયારેક 'નીલકંઠ' પર કોમેન્ટ કરી એથી સ્વામિનારાયણ સંપ્રદાયના સંતોને માઠું લાગ્યું છે. તેઓ આ કોમન્ટ નીલકંઠવર્ણી કહેતાં સહજાનંદ સ્વામી ઉર્ફે ભગવાન સ્વામિનારાયણ સંદર્ભે કરાઈ હોવાનું માની બાપુ પાસે જાહેર માફીની માગણી થઈ રહી છે. સ્વામિનારાયણ સંપ્રદાય આમ જુઓ તો વૈષ્ણવ સંપ્રદાયનો જ ફિરકો છે અને વૈષ્ણવોની જેમ એમાં આચાર્યોનો પ્રભાવ હતો. કાળક્રમે ખુદ ભગવાન સ્વામિનારાયણના આદેશને અવગણીને એમાં સંતોનું વર્ચસ્વ સ્થપાયું. આચાર્યો અને સંતો ભલે એકમેકને સ્વીકારતા ન હોત પરંતુ ભગવાન સ્વામિનારાયણને તો બધાએ એક અવાજે સર્વ અવતારના અવતારી ગણી એમનાં ભવ્ય મંદિરો બાંધવાની હોડ જ લગાવી દીધી. જયાં સુધી સનાતન ધર્મ સાથે અનુકૂલન સાધીને ચાલે ત્યાં સુધી આપણા દેશમાં કોઈ પણ સંપ્રદાય, પેટા સંપ્રદાય કે નવાં દેવ-દેવતાઓનો કોઈ વિરોધ નથી કરતું. સનાતન ધર્મની આ ઉદારતા જ એને અનેક ટુકડાઓમાં વિભાજિત કરતી રહી છે : યો યથા માં પ્રવદ્યન્તે તાં સ્તથૈવ ભજયામ્યહમ્ । મને જે સ્વરુપે ભજશો તે સ્વરુપે હું તમને મળીશ. કોઈ વિષ્ણુ કહે, કોઈ શિવ, કોઈ રામને માને, કોઈ કૃષ્ણને કે પછી અનેક દેવીઓ અને ગૌણ દેવતાઓ - લોકદેવતાઓને : કૃષ્ણને કોઈની સામે કશો જ વાંધો નથી. સાકારને ભજો, નિરાકારને માનો, અરે અઘોરપંથીઓની જેમ, નાસ્તિકોની જેમ જીવોને - તમને છૂટ છે. આટલી ઉદારતા બીજા કોઈ ધર્મમાં નહીં મળે. ઈસ્લામની કટ્ટરતા તો સુવિદિત છે. મહંમદ પયગંબરનું કાર્ટૂન બનાવનારનું માથું ના ઉતારી લે ત્યાં સુધી એમના મૌલવીઓને જંપ નહીં વળે. ફ્રાંસ જેવા અલ્ટ્રામોર્ડન અને સુપર કલ્ચર્ડ દેશમાં એવું કરનાર અખબારની શી હાલત થઈ હતી તે આપણે જાણીએ છીએ. નીલકંઠ એટલે તો ભોળો ભંડારી જ, એવા મોરારિ બાપુના વિધાન સાથે કયો હિંદુ સહમત નહીં થાય ? પરંતુ એમને 'લાહુડી' સાથે જોડાયેલા સંપ્રદાય સામે હળવી મજાક કરી એને હળવાશથી લેવા સ્વામિનારાયણ ધર્મીઓ તૈયાર નથી! બાપુએ વારંવાર ક્ષમા માગી, ક્ષમા પર જ જામનગરની આખી કથા માંડી. પરંતુ સાંપ્રદાયિક માણસો પછી એ સાધુ થઈ ગયા હોય તો પણ કટ્ટરતા અને કડવાશ છોડી શકતા નથી. સ્વામિનારાયણ સંપ્રદાયના જ એક સાધુ કૃષ્ણ વિષે એલફેલ બોલી એને ગોવાળિયો કહે છે એની સામે કોઈ ઊહાપોહ કરવા નવરું નથી, કારણ કે કૃષ્ણને એવા પ્રમાણપત્રની જરૂર નથી. સ્વામિનારાયણ સંપ્રદાયવાળા માતાજીના ફોટા નહીં રાખવાનો કે માતાજીના મંદિરે નહીં જવાનું કહેતા હોય તો તે પણ યોગ્ય નથી. હિંદુ ધર્મની અધોગતિ આવા ફિરકાઓના કારણે જ થઈ છે. હજુ સમય છે વિવાદ અટકાવીએ, સંવાદ સાધીએ - હવે, ટીકા-ટીપ્પણીઓ બંધ કરી ધર્મના નામે, સંપ્રદાયના નામે, ભગવાનના નામે થતાં વિવાદ થંભાવી - પરમ તત્ત્વને સૌને શાંતિ માટે પ્રાર્થીએ.

અરે, આ માસૂમ પાસેથી કંઈક શીખો, રિશ્તાની અહેમિયત શું છે ? રિશ્તા કઈ રીતે નિભાવવા જોઈએ?

રૂખસાના એ અબ્બુને ઘેર પરત ફરવાનું કહ્યું તો અબ્બુ એકદમ ખીજાઈ ગયા. અને બોલ્યા. 'અરે, બેહયા બે વખતની રોટી માટે તમે મારા પર કેવા કેવા જુલમો નથી કર્યા. હવે મારા રિટાયરમેન ફંડ પર તમારો ડોળો છે એટલે બંને અહીં આવી ગયાં છો. મારી નજર સામેથી દૂર થઈ જાવ.'

'ના... ના... અબ્બુ એવી વાત નથી.' રડતાં રડતાં રૂખસાના બોલી.

'તો પછી શું છે?'

આંખોમાં આંસુ સાથે દીકરો બોલ્યો. 'હાં, અબ્બુ ઘેર પાછા ચાલો. તમારો પૌત્ર અસલમ બહુ બિમાર છે.' કહેતા હિબકાં ભરી ભરી રડવા લાગ્યો.

'અરે, શું થયું મારા અસલમને ? કમબખ્ત પહેલાં કેમ કહેતાં નથી ?' કહેતાં બેબાકળા થઈ અબ્બુ ઉઘાડા પગે ઘર તરફ ઝડપથી ચાલવા લાગ્યા. તેમની પાછળ પાછળ દીકરો ને વહુ પણ જાણે ઘસડાતાં ચાલતા હોય તેમ ચાલી રહ્યાં હતા. તેમને તો વિશ્વાસ જ નહોતો કે અબ્બુ ઘેર પરત ફરવા તૈયાર થશે.

રસ્તામાં મહોરમના તાજિયાનું જુલુસ નિકળ્યું હતું. અબ્બુ તો તેની ભીડને ચીરતા કોઈ તરફ જોયા વિના ઉતાવળે પગલે આગળ ચાલી રહ્યા હતા. મહોલ્લામાં પ્રવેશતાં એક બે ઓળખીતા બુઝુર્ગોએ તેમને 'સલામ વાલેકુમ' કહ્યું. પણ અબ્બુનું ધ્યાન તો જાણે મહોલ્લાના છેલ્લા પોતાના મકાન તરફ હતું.

ઘરમાં પ્રવેશતા જ ઓરડામાં ખાટલામાં અસલમ સુતો હતો. તેમણે દોડીને અસલમને ગળે લગાડ્યો. તેનું શરીર બુખારથી ધગધગતું હતું.

અબ્બુને જોઈ પૌત્ર અસમલ ધીમે સ્વરે બોલ્યો, 'દાદુ તમે આવી ગયા ? હવે કયારેય મને છોડીને જતા નહીં. નહીંતર હું મરી જઈશ.'

અબ્બુ એ તેને ઉંચકીને ખોળામાં લઈ લીધો અને તેના માથા પર પ્યારથી હાથ ફેરવવા લાગ્યા.

પૌત્રના જીવમાં જાણે કે જીવ આવી ગયો.

અબ્બુએ વહુ-દીકરાને કહ્યું, 'તમે લોકોએ તો મને બેઈજ્જત કરી ઘરથી બહાર ઘરડાઘરમાં ફેંકી દીધો અને જૂઓ આ માસૂમ મારા વિના જીવ ઉપર આવી ગયો છે. મારા વિના પોતાનો જીવ આપવા તૈયાર થયો છે.' 'અરે, આ માસૂમ પાસેથી કંઈક શીખો, રિસ્તાની અહેમિયત શું છે ? રિશ્તા કઈ રીતે નિભાવવા જોઈએ ?' કહેતા અબ્બુની આંખોમાં આંસુ છલકાઈ આવ્યા.

વહુ દીકરો પોતાના નાના બેટા સામે પોતાની જાતને બૌના (વામન) મહેસૂસ કરી રહ્યા હતા.

યુનિવર્સલ લૉ નું વિષય પાન

(ગઇકાલથી આગળ...)

૨) કંપનનો કાયદો : કંપન કાયદો એટલે શું? શ્રી કિબાલિયન ના જણાવ્યા અનુસંધાને 'કંઈ આરામ નથી, બધું ચાલે છે, બધું કંપન કરે છે.' બ્રહ્માંડમાં દરેક વસ્તુ નક્કર, પ્રવાહી કે ગેસ ગતિમાં છે. ગોળાકાર પેટર્નમાં બધી ઊર્જા વસ્તુ સ્વરૂપે ચાલ, વાઇબ્રેટ અને મુસાફરીને ક્યારેય આરામ કરતી નથી. ઓબ્જેક્ટો ઇલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ તરીકે ઓળખીએ છીએ જે મોટેભાગે આપણી આંખોમાં અદ્રશ્ય હોય છે. તેમાં રેડિયો મોજા, માઈક્રોવેવ્સ, ઈન્ફ્રારેડ, દૃશ્યમાન પ્રકાશ , અલ્ટ્રાવાયોલેટ, એક્સ-રે અને ગામા કિરણો શામેલ છે. બ્રહ્માંડમાંની દરેક વસ્તુ વર્તુળ સ્વરૂપોમાં કપનથી ચાલે છે. ભૌતિક જગતમાં કંપનનું સમાન સિદ્ધાંત લાગણીઓ, ઇચ્છાઓ, વિચારો, ભાવનાઓ, શબ્દો, વર્તણૂંક ક્રિયાઓ અને સપના લાગુ પડે છે, તે દરેક ધ્વનિ વિચાર અને વસ્તુ પર કંપનશીલ આવર્તન ધરાવે છે. મૂળભૂત રીતે, વર્તમાન કંપનથી ખુશ ન હો, તો તેવા સજોગો ઊર્જાને વધુ સકારાત્મક લાગણીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે અને નકારાત્મક લાગણીઓ પર ઓછું ધ્યાન આપવાની જરૂર છે. જો જીવન નકારાત્મનો ભાવ ઇચ્છાના ના હોય જોઈએ તો તેને બીજાઓને ફેલાવવાનું શરૂ ન કરો. તમે જે ઇચ્છો છો તે અન્યને આપીને, તમે પરોક્ષ રીતે વધારો કરો છો જે તમારી પાસે આવે છે. જેના ઉચું કંપન સકારાત્મક લાગણીઓ લાંબા સમય સુધી અસરો થાય છે. નીચું કંપન નકારાત્મનો લાગણીઓ ટૂંકા ગાળાની અસરો જેટલી વધુ સક્ષમ છે. મોટાભાગના લોકો આપણા વિચારોના માત્ર ૫-૧૦% સભાનપણે સભાન છે. આપણા સર્જનની આશરે ૯૦% અવશેષ સ્તર પર થઈ રહી છે, માન્યતાઓ અને વાર્તાઓ પર આધારિત છે કે જે આપણે પોતાને કહેવાનું ચાલુ રાખીએ છીએ. મોટા ભાગના લોકો તેમની માન્યતાઓને બદલતા નથી. જેમ વેન્ડી કેનેડીએ ,'' લોકો તેમની માન્યતાઓ પર વળગી રહે છે. નિયમો બ્રહ્માંડમાં બનેલી દરેક વસ્તુને નિયંત્રિત કરે છે''. ધ સિક્રેટમાં મૂવી, ડો. વોર્નર વેન બ્રૌનને કહ્યું કે, 'બ્રહ્માંડના કુદરતી નિયમો એટલા ચોક્કસ છે કે સ્પેસશીપ બનાવવા માટે કોઈ મુશ્કેલી નથી, લોકોને ચંદ્ર પર મોકલી શકીએ છીએ, અને તમે સમય આપી શકો છો સેકન્ડના અપૂર્ણાંકની શુદ્ધતા સાથે ઉતરાણ' ઉદાહરણ જો કોઈ વ્યક્તિ કહે છે, મને ખૂબ સારું લાગતું નથી, તે એટલા માટે છે કે તેઓ નકારાત્મક કંપનમાં છે. જો વ્યક્તિ કહે છે, મને અદ્ભુત લાગે છે, તેઓ ખૂબ જ સારી કંપનમાં છે. ઉદાહરણ તરીકે, ક્યારેય વિચાર્યું છે કે ચોક્કસ રેસ્ટોરન્ટ



અને સ્ટોરમાં તમને શા માટે ખૂબ જ આરામદાયક લાગે છે?તે સ્થળનું વાઇબ્રેશન અને તેની ઊર્જા સાથે આપણો સુમેળછે.

૩) એક્શન કાયદો : એક્શન લૉ શું છે? ક્રિયાઓમાં જોડાવું જે આપણા શબ્દો, લાગણીઓ, દ્રષ્ટિ, વિચારો, સપના અને લાગણીઓને ટેકો આપી ક્રિયાઓની વિવિધ પરિણામોનો અભિવ્યક્તિ ખાસ પસંદ કરેલા શબ્દો, વિચારો, સપના અને લાગણીઓ પર આધારિત છે.જેમાં આપણી ઇચ્છા અનુસાર ઇરાદો લાવી વિચારધારાને વેગ આપી પરિણામ સ્વરૂપે ક્રિયા કરવી. જે ક્રિયા માટે લક્ષ્યો સેટ કરી પ્રતિબદ્ધતાને યોજનામાં ફેરવી હૃદયની ઇચ્છા દ્વારા સમર્થિત અને બળવાન છે. આપણા ઇરાદા, ફીકવન્સી અને શારિરીક ક્રિયાની ગતિ વચ્ચે ઓછા સમય વિલંબ સાથે વધુ ઝડપથી અને અસરકારક રીતે પ્રગટ કરવા જઈ રહ્યાં છીએ. આપણે તે કેવી રીતે કરી શકીએ? અભિવ્યક્ત પ્રક્રિયા એ અંદરથી સ્થળાંતર કરવાના કામ પર આધારિત છે. પ્રથમ, ઈચ્છો અનુંશાર હેતુને પકડી આસપાસ અસ્તિત્વમાં રહેલા બધા સાથે એકતા, સંમિશ્રણ અને મેશિંગની સ્થિતિને બિનશરતી પ્રેમ , આત્મવિશ્વાસ , આનંદ અને ઉત્તેજના ને શારિરીક શરીરની પાયો તરીકે સક્રિય કરી સ્વતંત્રતા, વિસ્તરણ, સર્જનાત્મકતા, હાસ્ય, ઉત્કટ, પરિપૂર્ણતા, સંતોષ, સ્થિરતા, જોડાણ, પાલન, સાહસ, ધૈર્ય, આત્મ-ખાતરી, અંતઃદૃષ્ટિ, સાદગી અનુભવ થાય છે.

૪) પત્રવ્યવહાર કાયદો: પત્રવ્યવહારનો કાયદો એટલે શું? પત્રવ્યવહારનો નિયમ આપણને કહે છે કે આપણું બાહ્ય જગત આપણા આંતરિક જગતના પ્રતિબિંબ જે અસાધારણ સિદ્ધાંત આપણી હાલની વાસ્તવિકતા એ આપણા અંદરનો એક અરીસાનો ભાગ છે. માનવીય શરીરમાં ભૌતિક બ્રહ્માંડ તારાવિશ્વો જે મેક્રોસ્કોપિક માળખાઓ વચ્ચે નોંધપાત્ર પત્રવ્યવહાર મગજ કોશિકાઓ અને વિભાજક કોશિકાઓ ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક વિમાનો સંવાદિતા અને કરારમાં કંપન કરે છે. બ્રહ્માંડના દૃષ્ટિકોણ માનતા હતા કે બ્રહ્માંડની મૂળભૂત સામગ્રી વસ્તુ અને ઊર્જા છે. ચેતના ને ઉદ્ભવે પછી વિજ્ઞાન અને ધર્મ દ્વારા શકિત અને મનની ભાવના કાર્ય કરે છે, જે હાલ પ્રર્વતમાન દરે તત્ત્વજ્ઞાન તરફ વળી ગયા છે. ભૌતિક બ્રહ્માંડની બહાર ખૂબ મોટી વાસ્તવિકતા આધુનિક ભૌતિકશાસ્ત્રીઓ વર્ણવે કે ,આપણે આપણા સોર્સ એન્ટિટી દ્વારા બનાવેલ વિવિધતામાં અસ્તિત્વ ઓરિજિન દ્વારા સર્જવામાં સર્વશ્રેષ્ઠ સર્જક છે.

(ક્રમશઃ)

- ચિરાગ શરદકુમાર જાની

આપણાં અંગત સંબંધોમાં તો બધું જ ચાલે એવું માનીને થતો વ્યવહાર



તેજપાલ કૌર એક સફળ ટીવી કલાકાર અને ફિલ્મી ગીતકાર. હિન્દી ફિલ્મ ઉદ્યોગમાં બહુ ઓછી મહિલા ગીતકારો આવી તેમાં તેજપાલ કૌરે સારું એવું કાઠું કાઢ્યું હતું.

તેજપાલ કૌરે એક પ્રતિષ્ઠિત વેબ દ્વારા નિર્મિત એક આલ્બમ માટે સુંદર ગીતો લખ્યા હતા. એ વેબ આલ્બમ ખૂબ જ લોકપ્રીય થયું પછી તો તેજપાલ કૌરને ફિલ્મી ગીતો લખવા માટેઘણા નિમંત્રણો મળવા લાગ્યા અને ગીતો લખ્યા પણ ખરા. તેજપાલ કૌરે 'માં તુજે સલામ', 'સ્ટાઈલ', 'ફિઝા', 'તક્ષક', 'દિલ્લગી' જેવી કેટલીક સફળ ફિલ્મોના કેટલાક ગીતો લખ્યા અને એ ગીતો પણ લોકપ્રીય બન્યા.

તેજપાલ કૌરના પતિ સુખબિંદર સિંઘ. તેઓ પણ એક સફળ પાર્શ્વ ગાયક. સુખબિંદર સિંઘે 'દિલસે', 'સ્લમડોગ મિલિયોનેર'; 'હૈદર' જેવી ઘણી સફળ ફિલ્મોમાં પાર્શ્વગાયક તરિકે સફળતા મેળવી છે અને તેમના ગાયેલા ઘણા ગીતો ખૂબ જ લોકપ્રિય થયા છે. સુખબિંદરને પાર્શ્વ ગાયન માટે કેટલાક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ પણ મળ્યા છે.

એક દિવસ સન્ની દેઓલ અભિનીત ફિલ્મ 'દિલ્લગી'ના ગીતોનું રેકોર્ડિંગ હતું જેના ગીતો પણ તેજપાલ કૌરે લખ્યા હતા. તેજપાલ કૌર પોતાના લખેલા ગીતના રેકોર્ડિંગ સમયે સ્ટુડિયો પહોંચ્યા તો એ જ સ્ટુડિયોમાં તેના ગાયક પતિ સુખબિંદર સિંઘ પણ એક ફિલ્મના ગીતનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા. એ ગીત પણ તેજપાલ કૌરનું જ લખેલું હતું જે તેજપાલે કોઈ એક વેબ આલ્બમ માટે લખ્યું હતું.

વેબ આલ્બમ માટે પોતાનું લખેલું ગીત, પોતાની જાણ વિના, પોતાની પરવાનગી વિના, પોતાના જ પતિ કોઈ એક ફિલ્મ માટે રેકોર્ડિંગ કરી રહ્યા હતા એ જાણીને તેજપાલ કૌરને આશ્ચર્ય તો થયું સાથે સાથે આઘાત પણ લાગ્યો. એ ફિલ્મ હતી 'દાગ-ધ-ફાયર' અને એ ગીત હતું. 'ઓ લક્કી કબુતર'

તેજપાલ કૌરે પોતાના પતિ સુખબિંદર સિંઘને કહ્યું કે આ ગીત પોતાનું લખેલું છે. એ ગીત એક વેબ આલ્બમ માટે લખ્યું છે અને એ ગીતોના અધિકાર પણ પોતે વેબ કંપનીને આપવાનું નક્કી થઈ ગયું છે. પોતે એ ગીતને ફિલ્મ 'દાગ-ધ-ફાયર' માટે પરવાનગી નથી આપી તો એ ગીતનું રેકોર્ડિંગ શા માટે કરે છે.? સુખબિંદર સિંઘ વળતો જવાબ આપતા કહ્યું કે એ ગીતનું તો માત્ર માત્ર મુખ્ડું જ લીધું છે, પૂરું ગીત નહીં. તેજપાલ કૌરે પરવાનગી વિના ગીતનું મુખડાનો ઉપયોગ કરવા સામે પણ વાંધો લીધો ત્યારે સુખબિંદરે કહ્યું કે તું મારી પત્ની છે. તારા વતી મેં આ ગીતની પરવાનગી આપી દીધી છે તો પછી તારી પરવાનગીની જરૂર શી છે?

આ વાતને લઈને બંને વચ્ચે મોટો ઝધડો થયો અને એ ઝધડો ખૂબ જ લાબો સમય ચાલ્યો. એ ઝધડા સાથે સાથે પછી નાના–મોટા બીજા ઝધડા પણ થતાં રહ્યા. ધીમે ધીમે ઝધડા વધતાં ગયા અને છેવટે એ ઝધડાનું પરિણામ એ આવ્યું કે થોડા સમય પછી બંને વચ્ચે છૂટાછેડા થઈ ગયા. તેજપાલ કૌરના જીવનનો અંત પણ પણ ખૂબ જ કરૂણ આવ્યો. કમનસીબે સન, ૨૦૦૮માં માત્ર સુડતાલીસ વર્ષની વયે હદય હુમલાને કારણે તેજપાલ કૌરનું અચાનક મૃત્યુ થયું. તેજપાલ કૌરનું લખેલું એ 'ઓ લક્કી કબુતર' ગીત એ દંપતી માટે ''અનલક્કી'' સાબિત થયું.

પોતાના પતિ સુખબિંદર સિંઘ વિષે તેજપાલ કૌરનું એવું કહેવું હતું કે તેમને ઘરમાં એક પત્નિની નહીં, એક નોકરાણીની જ માત્ર જરૂર હતી અને તે પોતાને એક નોકરાણી સમજીને તેની સાથે એ પ્રકારનો વ્યવહાર કરતો હતો. તેજપાલ કૌરનું કહેવું હતું કે સુખબિંદર હમેશા એવું માનતો કે 'પત્નિ સાથે તો બધુ જ ચાલે.'' ''મારો પતિ એવું માનીને જ મારા વતી મને પૂછ્યા વિના નિર્ણયો લઈ લેતો હતો. મારી લાગણીઓ સાથે રમતો હતો તેને મારા સ્વમાન કે સન્માનની કોઈ જ પરવાહ ના હતી. એ એવું માનતો હતો કે હું તેની પત્નિ છું એટલે મારા બધા જ અધિકારો ભોગવવાનો તેમને પરવાનો મળી ગયો છે.''

સુખબિંદર સિંઘના આ પ્રકારના વર્તનને કારણે બંનેનું લગ્ન જીવન લાંબુ ટકી ન શક્યું. બંનેનું લગ્નજીવન જેટલો સમય ચાલ્યું એ સમય દરમ્યાન પણ બંને કદાચ સુખી દાંપત્ય જીવન માણી ના શકયા અને સતત સંબંધોના તણાવ વચ્ચે જ જીવ્યા. કદાચ એ જ કારણસર તેજપાલ કૌરનું જીવન લાંબુ ટકી ના શક્યું.

પતિ-પત્નિના સંબધોમાં, માતા-પુત્રના સંબધોમાં, પિતા-પુત્રના સંબધોમાં, પ્રિયતમ-પ્રિયતમાના સંબધોમાં, સાસુ-વહુ, મિત્ર-મિત્ર, કર્મચારી-અધિકારીના કે અન્ય કોઈપણ પ્રકારના સંબધોમાં બંને વ્યક્તિમાંથી કોઈ એક વ્યક્તિ સુખબિંદર સિંઘ જેવુ વર્તન કરતાં રહેતા હોય છે. ક્યાક સંબંધિત વ્યક્તિ મૂંગા મોઢે સહન કરતી રહેતી હોય છે અને ક્યાક તેજપાલ કૌર જેવી વ્યક્તિ આ પ્રકારના વ્યવહાર સામે બળવો પોકારી દેતી હોય છે પછી ભલે એ સંબંધો કોઈપણ પ્રકારના હોય.

સંબધોની બાબતમાં આ પ્રકારની આપણી મનોવૃતિ માત્ર નિર્ણયો પૂરતી જ સમિતી નથી હોતી પણ સંબધો સાથેના આપણાં અન્ય પ્રકારના પ્રકારના વર્તન અને વ્યવહારમાં પણ આપણી મનોવૃતિનું પ્રતિબિંબ દેખાતું હોય છે.

(ક્રમશઃ)

દેશની આંતરિક આર્થિક હાલત સક્ષમ કરવી અનિવાર્ય

દેશમાં ૨૦૧૪ પછી વાસ્તવમાં પરિવર્તનની શરુઆત થઈ છે એ પહેલાં દેશમાં બધું જ હતુ જે તે સમયની સરકારે યથાયોગ્ય કામ કર્યું પરંતુ વૈચારિક ઉપરાંત કાર્ય પદ્ધતિમાં એક નવી જ દિશા ખૂલી તેના મૂળમાં માનનીય વડાપ્રધાનના મોટા સ્વપ્નો રહેલા છે એ નિર્વિવાદ હકીકત છે. જે પગલાં ઉઠાવવામાં નૈતિક હિંમતની ખાસ જરૂરત પડે અને જેમાં કામ ગંજાવર હોય તેવા એકશન પ્લાન ઉપર મોદીજીની સરકારે શરુઆત કરી અને એ મુજબ નોટબંધી, જીએસટી તથા ડિજિટલ ઈન્ડિયાના કામોને આગળ વધાર્યા છતા લોકોના દિલમાં એક વિશ્વાસ રહ્યો છે કે વડાપ્રધાન જે કંઈ કરી રહ્યા છે તેમાંથી આર્થિક ન્યાય પેદા થશે, ભ્રષ્ટાચારી લોકો ઉપર સિકંજો કરવામાં આવશે, બધો વહીવટ પારદર્શક થશે, નવી યોજનાઓ દ્વારા નવી રોજગારી વધશે અને આમ જનતાને જીવન માટે પણ પ્રેમ ઊભો થશે, આ રીતે એક માહોલ ઊભો થયો એટલે ગત ચૂંટણીમાં પ્રવર્તમાન સરકારને ભારે બહુમત પ્રાપ્ત થયો. જીવનમાં અપેક્ષાઓથી દુઃખ છે અને જીવન પણ તેના લીધે જ છે. હવે વાત એ મહત્ત્વની બની છે કે સરકાર દેશના અર્થતંત્રને કઈ કઈ રીતે સક્ષમ બનાવે છે! પુષ્કળ ભ્રષ્ટાચારની વિગતો અગાઉની સરકારની બહાર આવ્યા બાદ જ નવી સરકારની નીતિ ઉપર લોકોએ વિશ્વાસ મૂક્યો હવે ઉમદા પરિણામો લક્ષી કંઈક પ્રાપ્ત થવાની ધારણા સામે દેશની અંદર આર્થિક મંદીની ધીમી ગતિથી અસર પડી રહી છે એટલે લોકોમાં ઉચાટ વધવા લાગ્યો છે. સરકારના આંકડાઓ ઉપર પણ પુષ્કળ ડિબેટ થઈ રહી છે. જુદા જુદા સેકટરમાં પરફોર્મન્સ નબળું પડ્યાનું જાહેર થતા દેશના પ્રજાજનોમાં વાતાવરણ ગમગીન બનતું જાય છે. આ વિષય ચિંતા ઉપજાવે તેવો છે.

ગાંધીયન ઈકોનોમિકસ આજના યુગમાં લાગુ પાડવાનું પરિસ્થિતિ મુજબ ઉચિત નથી. હવે દેશને વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર થવા નવી ટેકનોલોજી નવા ક્ષેત્રો વગેરેની આવશ્યકતા છે એટલે વિવિધ મોરચે સરકારે કામ કરવું જ પડે તેવી હાલત છે પરંતુ આ બધાથી જનતાની આર્થિક સ્થિતિ નબળી પડે એ સરળ નિયમ છે. પ્રોત્સાહનો પુરા પાડીને સરકારે તેના ખર્ચ વધારવો જ પડે, ઉત્પાદન ક્ષેત્રના જે એકમો કામ કરે છે તેને મરવા દેવાય નહીં, બચત ઉપરના વ્યાજ દર વધારવા પડે, તો લોન ઉપરના વ્યાજ દર ઘટાડવા પડે, નવી રોજગારીઓ સર્જવી પડશે, આઉટ સોર્સિંગ ને રોકવું પડશે, આપણી નિકાસો જે ઘટી રહી છે તે કઈ રીતે વધી શકે એ પણ સુનિશ્ચિત કરવું પડશે. ચીન અમેરિકાના ટ્રેડ વોરની અસર તો બધા રાષ્ટ્રોને થાય છે છતાં ઘરેલું બાબતોથી ધ્યાન હટી જતા આર્થિક હાલત વિકૃત થવા લાગી એ જ ચિંતન કરવાની વાત છે. જીડીપી એટલે દેશની અંદર ઉત્પાદિત થતી તમામ વસ્તુઓ અને સેવાઓનું કુલ મૂલ્ય ! આયાત નિકાસમાં પણ સંતુલન યોગ્ય પ્રકારે જળવાવું જોઈએ. વિકાસનો સર્વ સ્વીકૃત અર્થ એટલે બધાની પાસે આવકમાં વૃદ્ધિ થવી અથવા તેના કુલ ખર્ચામાં કમી થવી એ હોય છે ! આપણું અર્થતંત્ર કૃષિ આધારિત છે તો તેમાં ધ્યાન આપવું પડે મતલબ કૃષિકારોનો વર્ગ વિકાસની છત નીચે આવવો જોઈએ. નાના સિમાંત તથા મધ્યમ કદના ઉત્પાદન પ્રક્રિયામાં રહેલા એકમોની હાલાકી રોકવી જ પડે. હેલ્થ અને એજ્યુકેશન, રિયલ એસ્ટેટ, ડાયમંડ અને ટેકસટાઈલ ક્ષેત્રમાં પુષ્કળ તનાવ છે. ડિમાંડ ઘટતી જાય છે. દિપાવલી નજીક આવતી જાય છે તેમ તેમ વાતાવરણ મંદ પડતુ જાય છે. દેશના ૩૦ મેગા સિટીમાં બાર લાખથી વધુ તૈયાર મકાનો ગ્રાહકની રાહ જોઈ રહ્યા છે. સુરત જેવા શહેરમાં પણ ધંધા-રોજગારની પ્રક્રિયામાં નિરસતા પ્રવેશી છે !!

દેશમાં રોજગારી આપતા તમામ ક્ષેત્રો 'માંગના અભાવ' થી પીડિત છે અને તેઓની ખોટ વધી રહી છે અથવા નફામાંથી ખોટ તરફ જઈ રહ્યા છે. સરકારે નક્કર રોડમેપ તૈયાર કરવો પડશે કેમ કે નવા જોબની વાત ને એક બાજુએ મૂકો જે પ્રવર્તમાન નોકરીઓ છે તેમાં છટણીની વાત ઊભી થતી જાય છે તો પછી જનતાને શું સમજવાનું ? બેંકોનું પારસ્પરિક વિલિનીકરણમાં કંઈ અયોગ્ય નથી પરંતુ નવી ડિજિટલ ટેકનોલોજીના લીધે પણ હવે નવા શ્રમિકોની જરૂરિયાતો ઘટતી જાય છે. ઉપરાંત મર્જર પછી નવી ડિઝાઈનમાં બધાનો જોબ ટકી શકે તેવા આયોજનને અગ્રત આપવી પડે. ટેક્સટાઈલ્સ ઈન્ડસ્ટ્રીની પણ હાલત અતિ ખરાબ થઈ રહી છે તેમાં હવે સારું ખરીફ ઉત્પાદન આવતા શું થશે ? તે વિશે - અત્યારથી પ્લાનિંગ કરવું પડશે. પરિવાર દીઠ ખર્ચાઓ વધતા જાય છે કેમ કે જીવન શૈલી બદલાઈ ચૂકી છે તો બીજી તરફ આવક વૃદ્ધિ અસંભવ છે.સોનાના ભાવ આભને અડી રહ્યા છે ત્યાં સુધારણા શક્ય હોય તો સત્વરે અમલ થવો જરૂરી છે. તેજી કરતાં મંદી વધુ ઘાતક હોય છે. મધ્યમ વર્ગની ડિમાન્ટ લાઈન નીચે ગઈ છે તેના લીધે વાહનોના વેચાણમાં કમી નોંધાઈ છે. આ જ બાબત રિયલ એસ્ટેટને લાગુ પડે છે.લોન સસ્તી થતી નથી અને નવી કેડીટ મંજૂર થતી નથી - એટલે અર્થતંત્રમાં કાઈસીસ સર્વત્ર દેખાઈ રહી છે. હવે સરકાર સત્વરે સુધારાત્મક પગલા લેશે તેવી એક આશા છે.

શેર આસ્વાદ :

વો રિશ્તા કભી તૂટ નહીં સકતા
જીસે નિભાને કી ચાહત દોનો કી હો.